શ્રમ આયુકતની કચેરી,
ગુજરાત રાજ્ય,
બ્લોકનં-૧૧,૧૨,૧૪, બીજો માળ.
સેકટર-૧૧, ઉધોગભવન, ગાંધીનગર
ફોન નં. 079-23257538
E-mail: asc-bgact-labour@gujarat.gov.in

ક્રમાંકઃ શ્ર.આ.૭(૪)/રાચઆ-પે.ચૂં./૨૦૨૪/ ૨૨૫૭

સમય-મર્યાદાઃ ટોચ અગ્રતા	તા - ૨૮/૧૦/૨૦૨૪

વંચાણે લીધોઃ- સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ GAD/DHE/e-FILE/1/2024/5889/CHH(Database) તા. ૨૨/૧૦/૨૦૨૪.

# પ રિ પ ત્ર

સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઉક્ત વંચાણે લીધેલ પત્રથી ૦૭-વાવ વિધાનસભાની પેટા ચૂંટણી તા-૧૩/૧૧/૨૦૨૪, બુધવારના રોજ યોજાનાર છે.

વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઈ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓ માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧માં ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બી ની જોગવાઈઓ અનુસાર કામદારોને મતદાન કરવા જવા માટે સવેતન છૂટ આપવાના હુકમો કરવાના રહે છે

આથી, રાજયમાં તા. ૧૩/૧૧/૨૦૨૪, બુધવારના રોજ યોજાનાર વાવ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ- ૨૦૧૯ મુજબ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજાની બદલી કરીને,

(૧) રાજ્યની વિધાનસભાની પેટા ચૂંટણીમાં મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યકિત કે જે કોઇપણ દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતી હોય તો તેને મતદાનના દિવસે રજા મંજુર કરવી.

(૨) આવી રજા મંજૂર કરવામાં આવેલ હોય તેવી કોઇપણ વ્યકિતના વેતનમાંથી કોઇ કપાત કે સુધારો કરવાનો રહેશે નહીં. અને જો આવી વ્યકિત સામાન્ય રીતે વેતન નહી મેળવે તેવા આધારે નોકરી ઉપર રાખવામાં આવેલ હોય છતાં પણ તેવી વ્યકિતને રજા આપવામાં આવી ન હોત અને તે દિવસે તેને જે વેતન મેળવવાપાત્ર હોય તેટલું વેતન મંજૂર કરવાનું રહેશે.

(3) જો કોઇ નોકરી ઉપર રાખનાર વ્યકિત ઉપર ક્રમ(૧) અથવા (૨)માં જણાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કરશે તો આવા નોકરીદાતા લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બીની જોગવાઇ મુજબ ૫૦૦/- રૂ સુધીના દંડના પાત્ર રહેશે.

(૪) લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બી એવા કોઇપણ મતદારોને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિતિ ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નુકશાનમાં પરિણામે તેમ હોય.

(૫) ભારતના નિર્વાચન આયોગના તા.૧૬/૧૦/૨૦૨૪ના પત્રના પારા નં. ૨ મુજબ ઉપરોક્ત જોગવાઇ અનુસાર તમામ સંસ્થાઓ અને દુકાનો, સામાન્ય અને પેટા ચૂંટણીઓ યોજવામાં આવેલ હોય તેવા મત વિભાગમાં મતદાનના દિવસે બંધ રાખવાની રહેશે. જો કે એવા પણ કિસ્સા બને છે કે નોંધાયેલ મતદાર જેતે મત વિભાગમાં વસવાટ કરતો હોય પરંતુ જ્યાં સામાન્ય કે પેટા ચૂંટણી હોય તેવા મત વિભાગની બહારના વિસ્તારમાં આવેલ ઔધોગિક દુકાનો કે સંસ્થામાં નોકરી કરતો હોય તેવા મતદારો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બી(૧) અન્વયે સવેતન રજાનો હક્કદાર રહેશે.

(૬) લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બીની જોગવાઇ અનુસાર રોજમદાર/કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકકદાર છે.

બિડાણઃ- ઉપર મુજબ

શ્રમ નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ક્રમાંકઃ શ્ર.આ.૭(૪)/રાચઆ-પે.ચૂં./૨૦૨૪/ 2279
તારીખઃ- 21/10/2024
પ્રતિ,

નકલ સવિનય રવાનાઃ-

(૧) સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭, બીજો માળ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૨/૧૦/૨૦૨૪ ના પત્રક્રમાંકઃ GAD/DHE/e-FILE/1/2024/5889/CHH(Database), સંદર્ભે જાણ સારૂ.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૩) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર.
(૪) નાયબ સચિવશ્રી, (પ્રોટોકોલ) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૫) નાયબ સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૬) સેકશન અધિકારીશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,ગાંધીનગર. અન્વયે જાણ સારુ.
(૭) અધિક શ્રમ આયુક્તશ્રી, શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગર.
(૮) નાયબ શ્રમ આયુકતશ્રી,અમદાવાદની તાબાની કચેરીને જાણ તથા અમલ કરવા સારૂ.
(૯) નિયામકશ્રી, માહિતી અને પ્રાસારણ ખાતું, બ્લોક નં. ૧૯, જુના સચિવાલય,ગાંધીનગર તરફ આ સાથે સામેલ પ્રેસનોટ સમય-મર્યાદામાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૧૦) સિલેકટ ફાઇલ.

# પ્રેસનોટ

## શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સુચના

રાજયના શ્રમ નિયામકશ્રી એક યાદીમાં જણાવે છે કે, રાજ્યની ૦૭-વાવ વિધાનસભાની પેટા ચૂંટણી તા-૧૩/૧૧/૨૦૨૪, બુધવારના રોજ જે-તે મતવિભાગમાં યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના સંસ્થાઓમાં કામ કરતાં શ્રમયોગીઓ / કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ ( રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ ) એક્ટ - ૨૦૧૯ હેઠળ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતાં દરેક વ્યકિતની મતદાનના દિવસે રજા મંજૂર કરવાની રહેશે. શ્રમયોગી / કર્મચારીના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં. જો કોઇ માલિક લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫- બી ની જોગવાઇ વિરૂધ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે.